# સાંસદોના પગારને બમણો કરવાની ભલામણ

નવી દિલ્હી,તા. ૨

સંસદની એક સમિતીએ સાંસદોના પગારને બેગણો કરવાની અને પૂર્વ સાંસદોના પેન્શનમાં ૭૫ ટકા સુધી જંગી વધારો કરવા માટેની ભલામણ કર્યા બાદ આને લઈને નિષ્ણાંતોમાં ભારે ચર્ચા શરૂ થઈ ગઈ છે. સરકારને કરવામાં આવેલી ભલામણમાં કેટલાક સુચન પણ કરવામાં આવ્યા છે. સંસદની એક સંયુક્ત સમિતીએ સરકારી કર્મચારીઓ માટે પે કમીશનની જેમ જ સાંસદોના પગારમાં સમય સમય પર વધારો કરવા માટે ઓટોમેટિક પે રિવીઝન વ્યવસ્થા ઉભી કરવા માટે ભલામણ કરી છે. હાલમાં સાંસદોનો પગાર દર મહિને ૫૦૦૦૦ રૂપિયા છે. સુત્રોના જણાવ્યા મુજબ આ સંસદીય સમિતીએ સરકારને મોકલેલી પોતાની ભલામણમાં આશરે ૬૦ દરખાસ્ત રજૂ કરી છે. એક સરકારી સુત્રએ કહ્યું છે કે કમિટીએ આના માટે કેટલાક કારણો પણ રજૂ કર્યા છે. જે પૈકી એક કારણ એ દર્શાવવમાં આવ્યું છે કે સાંસદોના પગારમાં છેલ્લે વધારો વર્ષ ૨૦૧૦માં કરવામાં આવ્યો હતો. સાંસદોને સરકારી કર્મચારીઓની જેમ મોંઘવારી ભથ્થા પણ મળતા નથી. સુત્રોના કહેવા મુજબ સમિતીએ એમ પણ કહ્યુ છે કે સંસદ સત્ર દરમિયાન સંસદમાં હાજર રહેવા માટે સાંસદોને દરરોજ મળનાર ૨૦૦૦ રૂપિયાના ભથ્થાને પણ યોગ્યરીતે વધારી દેવાની જરૂર છે. આ સંબંધમાં ભાજપના એક નેતાએ પ્રશ્ન કર્યો છે કે પગારમાં વધારો તો જરૂરી છે પરંતુ માત્ર ચા આપવા માટેનો ખર્ચ આશરે ૧૦૦૦ રૂપિયા છે. મતદારો પ્રત્યે તેમની જવાબદારી સાંસદો અદા કરે તે જરૂરી છે. યોગી આદિત્યનાથના નેતૃત્વમાં સમિતીએ કેટલાક સુચન કર્યા છે. જેમાં કહેવામાં આવ્યું છે કે પૂર્વ સાંસદોને ૨૫ મફત સ્થાનિક વિમાની યાત્રાની પણ મંજૂરી મળવી જોઈએ. સાથે સાથે તેમના પેન્સનની રકમને દર મહિને ૨૦૦૦૦ રૂપિયાથી વધારીને ૩૫૦૦૦ રૂપિયા કરવામાં આવે તે જરૂરી છે. સાથે સાથે એવી પણ ભલામણ કરવામાં આવી છે કે દરેક સાંસદને ખાનગી સચિવ જેવા પોતાના સાથી માટે એક વધારાના એસી ક્લાસ રેલવે પાસ મળવા જોઈએ. હજુ સુધી માત્ર સાંસદની સાથે પતિ પત્નિને જ એસી ફર્સ્ટ ક્લાસ યાત્રાની સુવિધા મળે છે. આ સમિતીએ જે સુચનો કર્યા છે તેનાથી સામાન્ય લોકોમાં નારાજગી થાય તે સ્વભાવિક છે. કારણ કે આટલી બધી સુવિધાની માંગ કરવામાં આવી છે. સાંસદોને પોકેટ મનીના સ્વરૂપમાં ફર્સ્ટ ક્લાસ રેલવે ભાડાની રકમ જેટલી રકમ પણ આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. હજુ સુધી સાંસદોને ભથ્થા તરીકે એક સેકન્ડ ક્લાસ એસી ટિકિટની કિમત જેટલા પૈસા આપવામાં આવે છે.વિમાની યાત્રા માટે પણ ભથ્થા તરીકે એક ટિકિટ જેટલી રકમ આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. સૂત્રોએ કહ્યું છે કે, કેટલીક ભલામણો સ્વીકારવા લાયક દેખાઈ રહી નથી. કોઈપણ નિર્ણય ઉપર પહોંચતા પહેલા ગંભીરતાપૂર્વક વિચારણા કરવામાં આવશે.

પેનલે એરપોર્ટ ઉપર સાંસદો માટે વધુ સારી સુવિધાની ભલામણ કરવામાં આવી છે. પેનલની ભલામણ છે કે, કેન્દ્ર સરકારની આરોગ્ય યોજનાની જેમ જ સાંસદોને પણ જે લાભ મળે છે તેમાં સાંસદોના બાળકો અને તેમના પૌત્ર પૌત્રીઓને પણ સામેલ કરવામાં આવે તે જરૂરી છે. ભલામણના સંદર્ભમાં રાજકીય પક્ષોમાં હવે ચર્ચા શરૂ થઈ છે. થોડાક સમય પહેલા જ અન્ય કેટલીક ભલામણો પણ કરવામાં આવી હતી. સાંસદો માટે આવાસની સુવિધા ઉભી કરવાની પણ વાત કરવામાં આવી હતી.

## કઈ કઈ ભલામણ....

- સાંસદોના પગારને બેગણો કરવાની ભલામણ
- પૂર્વ સાંસદોના પેન્શનમાં ૭૫ ટકા સુધી જંગી વધારાનુ સુચન
- સાંસદોના પગારમાં સમય સમય પર વધારો કરવા માટે ઓટોમેટિક પે રિવીઝન વ્યવસ્થા ઉભી કરવા માટે ભલામણ
- સંસદ સત્ર દરમિયાન સંસદમાં હાજર રહેવા માટે સાંસદોને દરરોજ મળનાર ૨૦૦૦ રૂપિયાના ભથ્થાને પણ યોગ્યરીતે વધારી દેવાની જરૂર છે
- પૂર્વ સાંસદોને ૨૫ મફ્ત સ્થાનિક વિમાની યાત્રાની પણ મંજૂરી મળવી જોઇએ
- પેન્સનની રકમને દર મહિને ૨૦૦૦૦ રૂપિયાથી વધારીને ૩૫૦૦૦ રૂપિયા કરવામાં આવે તે જરૂરી છે
- સાંસદોને પોકેટ મનીના સ્વરૂપમાં ફર્સ્ટ ક્લાસ રેલવે ભાડાની રકમ જેટલી રકમ પણ આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે
- વિમાની યાત્રા માટે પણ ભથ્થા તરીકે એક ટિકિટ બરોબર રકમ આપવા માટે ભલામણ કરાઈ
- પેનલ દ્વારા કરવામાં આવેલી ભલામણોને લઇને હવે ચર્ચા હાથ ધરાશે
- પેનલ દ્વારા કરાયેલી ભલામણોને લઇને પક્ષોમાં ચર્ચા

**પ્રવર્તમાન કુશળતા અંતરને દૂર કરવાનો મુખ્ય હેતુ રહેશે**

## સ્કીલ ડેવલપમેન્ટ માટે પોલિસીને અંતે મંજુરી : ઉદ્યોગોને પ્રોત્સાહન

નવી દિલ્હી,તા. ૨

સરકારે આજે સ્કીલ ડેવલપમેન્ટ, ઉદ્યોગ સાહસિક માટેની નીતિને લીલીઝંડી આપી દીધી હતી.



ઝડપ અને ગુણવત્તા સાથે મોટાપાયે ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપવા તથા કુશળતા વિકસિત કરવા માટે પ્રથમ ઈન્ટેગ્રેડેટ નેશનલ પોલિસીને મંજુરી આપી દેવામાં આવી છે. નાણામંત્રી અરુણ જેટલીએ આજે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, આ પોલિસીનો હેતુ માંગ સાથે સપ્લાયને જોડી દેવાનો છે. પ્રવર્તમાન કુશળતાના અંતરને દૂર કરવાનો છે. સાથે સાથે ઈન્ડસ્ટ્રી એંગેજમેન્ટને પ્રોત્સાહન આપવા ગુણવત્તાવાળા નેટવર્કને અમલી બનાવવાનો પણ હેતુ રહેલો છે. જેટલીએ કહ્યું હતું કે, સરકારે સ્કીલ ડેવપલમેન્ટ સ્કીમ માટે સામાન્ય ધારાધોરણોને લીલીઝંડી આપી દીધી છે. નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ મિશન માટે સંસ્થાકીય માળખુ પણ તૈયાર થઈ રહ્યું છે. ઉદ્યોગ સાહસિકોના પ્રોત્સાહન માટે અસરકારક રુપરેખાની જરૂરિયાત રહેલી છે. પોલિસીમાં ઘણા વિસ્તારોને આવરી લેવામાં આવ્યા છે જેમાં કુશળતા આડેની અડચણોને દૂર કરવાની બાબતોનો સમાવેશ થાય છે. નીતિમાં સામાન્ય લોકોને વધુ તક મળે તેના ઉપર પણ ભાર મુકવામાં આવ્યો છે. કુશળ ઉદ્યોગ સાહસિકો તૈયાર થાય અને આ લોકો સાનુકુળરીતે આગળ વધે તેનો હેતુ રાખવામાં આવ્યો છે. જેટલીએ ઉમેર્યું હતું કે, ગયા સપ્તાહમાં વડાપ્રધાને સ્માર્ટ સિટી અંગે પ્રોગ્રામ શરૂ કર્યો હતો. ગઈકાલે જ મોદીએ ડિજિટલ ઈન્ડિયાની શરૂઆત કરી હતી. સરકાર સ્કીલ ઈન્ડિયા માટે પણ આવી જ યોજના ધરાવે છે. કેન્દ્રીય કેબિનેટે બજેટ ૨૦૧૫-૧૬માં કરવામાં આવેલી જાહેરાતને ધ્યાનમાં લઈને નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ મિશન માટે સંસ્થાકીય માળખુ તૈયાર કરી લીધું છે. આ મિશન ત્રીસ્તરીય રહેશે. હાઈપાવર નિર્ણય લેવાનું માળખું રહેશે. નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ એજન્સી, નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કોર્પોરેશન અને ડિરેક્ટોરેટ ઓફ ટ્રેનિંગ મિશનના એકંદરે માર્ગદર્શક તરીકે કામ કરશે.

નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, ઉદ્યોગ સાહસિકોને યોગ્ય સુવિધા મળે તેનો હેતુ રહેલો છે. હાલમાં ૭૦થી વધારે સ્કીલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ સરકાર દ્વારા અમલી બનાવવામાં આવ્યા છે. દરેકમાં તેના પોતાના નિયમો, ટ્રેનિંગની અવધિ, ટ્રેનિંગના ખર્ચ, મોનિટરિંગની સુવિધા રહેલી છે.

**સર્વિસ પ્રોવાઈડર બદલાશે તો પણ નંબર યથાવત**

## દેશવ્યાપી મોબાઈલ નંબર પોર્ટિબિલીટી આજથી શરૂ

નવીદિલ્હી,તા. ૨

મોબાઈલ નંબર પોર્ટિબિલિટીની ત્રીજી જુલાઈના દિવસે એટલે કે આવતીકાલથી દેશભરમાં શરૂઆત કરી દેવામાં આવશે. ટેલિકોમ કમિશનના ચેરમેન રાકેશ ગર્ગે માહિતી આપતા કહ્યું છે કે, મોબાઈલ સર્વિસ પ્રોવાઈડર હવે ત્રીજી જુલાઈથી આ આંકડા જારી શકશે. એમએનપીમાં તેમના પ્રવર્તમાન મોબાઈલ ફોન નંબર ગ્રાહકો જાળવી શકશે તેવી જોગવાઈ રહેશે. એમએનપીમાં અન્ય કેટલીક જોગવાઈ પણ રહેશે. મોબાઈલ નંબર પોર્ટિબિલિટીના પરિણામ સ્વરુપે ગ્રાહકોને અન્ય કેટલાક ફાયદાઓ પણ થશે. તેઓ જ્યારે પણ તેમના સર્વિસ પ્રોવાઈડરને બદલશે ત્યારે પ્રવર્તમાન મોબાઈલ ફોન નંબરને જાળવી શકશે. હાલમાં મોબાઈલ ગ્રાહકો એક જ ટેલિફોન સર્કલની અંદર તેમના સર્વિસ પ્રોવાઈડરને જાળવી શકે છે. પાન ઈન્ડિયા એમએનપીમાં કસ્ટમરોને રાજ્યો અને સર્કલ વચ્ચે શિફ્ટ થતી વેળા તેમના પ્રવર્તમાન મોબાઈલ ફોન નંબરો જાળવી રાખવાની મંજુરી મળી જશે. અગાઉ આ સમયમર્યાદા ત્રીજી મે રાખવામાં આવી હતી. સંપૂર્ણ એમએનપી માટે સમય મર્યાદા ત્રીજી મે રાખવામાં આવી હતી પરંતુ બે મહિનાનો વિલંબ આમા થઈ ગયો હતો. સેલ્યુલર ઓપરેટર્સ એસોશિએશન ઓફ ઈન્ડિયા ડોટ પાસેથી એક્સ્ટેશનની માંગ કરવામાં આવી હતી. ટેલિકોમ ઓપરેટર્સને કેટલાક ટેકનિકલ ફેરફાર કરવાની જરૂર હતી જેથી એક્સ્ટેશનની માંગ કરવામાં આવી હતી. સર્વિસને અમલી બનાવવા માટે તેમના નેટવર્કમાં ટેકનિકલ ફેરફારનો મુદ્દો પણ સપાટી ઉપર આવ્યો હતો. તેની તૈયારીની જાહેરાત કરતા દેશની નંબર વન ટેલિકોમ્યુનિકેશન સેવા ઉપલબ્ધ કરાવતી કંપની ભારતી એરટેલે કહ્યું છે કે, અમે અમારી યોજના તૈયાર કરી ચુક્યા છે. નેશનલ મોબાઈલ નંબર પ્રોર્ટેબિલિટી લોંચ કરવા માટે અમે તૈયાર છીએ.

કસ્ટમરોને દેશમાં કોઈપણ જગ્યાએ જતી વેળા તેમની ઓળખ જાળવી રાખવાની તક મળી જશે. કંપનીએ અન્ય સેવાઓ પણ શરૂ કરી છે જેમાં ફાસ્ટર પ્રોસેસિંગ પોર્ટિંગ રિક્વેસ્ટ, રોમિંગ ઉપર ફ્રી ઈનકમિંગ, બેલેન્સ ટ્રાન્સફર, કેરિફોરવર્ડ ઓપ્શનનો સમાવેશ થાય છે.

**ભેખડો ધસી પડવાના નવેસરના પણ બનાવો**

## દાર્જિલિંગ : ભેખડ પડવાના બનાવોમાં મોતનો આંક ૪૨

દાર્જિલિંગ,તા. ૨

દાર્જિલિંગમાં ભારે વરસાદના કારણે જુદી જુદી જગ્યાએ પર ભેખડો ધસી પડવાના બનાવો આજેપણ યથાવતરીતે જારી રહ્યા હતા. નવેસરથી ભેખડો ધસી પડવાના બનાવો પણ બન્યા છે જેથી તંત્રમાં ભારે ભાગદોડ રહી હતી. બચાવ અને રાહત કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. મોતનો આંકડો હવે વધીને ૪૨ ઉપર પહોંચી ગયો છે. કેટલાક વિસ્તારોમાં ભેખડો પડ્યા બાદ લોકો મુશ્કેલી અનુભવી રહ્યા છે. ભારે વરસાદ અને ભેખડો ધસી પડવાના કારણે રાજમાર્ગને નુકસાન થયું છે. આવાસોને પણ નુકસાન થયું છે. દાર્જિલિંગથી ૫૬ કિલોમીટરના અંતરે સ્થિતિ ગ્યાબારી ખાતે વધુ એક ભેખડ ધસી પડવાનો બનાવ બન્યો હતો જેના કારણે દાર્જિલિંગ અને મિરિક વચ્ચેનો સંપર્ક ખોરવાઈ ગયો હતો. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ટીમ, સિવિલ ડિફેન્સ ટુકડી અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરીમાં લાગેલી છે. માર્ગોને વ્યવસ્થિત કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. પ્રવાસીઓ ઘણી જગ્યાઓએ અટવાઈ પડ્યા છે. મુખ્યમંત્રી મમતા બેનરજી



મુર્સીદાબાદથી સિલિગુડી પરત ફર્યા છે. દાર્જિલિંગમાં ૨૫થી પણ વધારે જગ્યાએ ભેખડો ધસી પડવાના બનાવો બન્યા છે. જેથી વ્યાપક નુકસાન થયુ છે. દાર્લિંગ, કાલિમપોંગ અને કુરસેઓંગ સબ ડિવીઝનમાં ભેખડો પડવાના બનાવો બન્યા છે. નેશનલ હાઈવે -૧૦ અને એનએચ-૫૫ પર ભારે નુકસાન થયું છે. હજુ પણ મોટી સંખ્યામાં લોકો લાપતા છે. બ્લોક થયેલા રસ્તાને ફરી ચાલુ કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. મુખ્યપ્રદાન મમતા બેનર્જી અને કેન્દ્ર સરકાર પણ પરિસ્થિતી પર નજર રાખી રહી છે. પશ્ચિમ બંગાળના દાર્જીલિંગ પહાડી વિસ્તારમાં ભારે વરસાદ બાદ ભેખડો ધસી પડતા ૪૨ લોકોના મોત થયા છે. અનેક લોકો હજુ લાપતા થયેલા છે. આ લોકોને શોધી કાઢવાની કામગીરી ચાલી રહી છે. ભારે વરસાદના લીધે લોકોની હાલત કફોડી બની ગઈ છે. મંગળવાર બાદથી દાર્જિલિંગ જિલ્લામાં સતત ભારે વરસાદ થઈ રહ્યો છે જેથી ભેખડો ધસી પડવાના શ્રેણીબદ્ધ બનાવો બન્યા છે. મોટી સંખ્યામાં લોકો કાટમાળ હેઠળ ફસાઈ ગયા છે. હજુ સુધી ૪૨ લોકોના મૃતદેહ મળી આવ્યા છે. ૨૧ મૃતદેહ મિરિકમાં મળ્યા છે. અહીં ૧૩ લોકો હજુ લાપતા થયેલા છે. છ લોકોના મૃતદેહ કાલિમકોંગ ખાતે મળ્યા છે. અહી પણ મોટી સંખ્યામાં લોકો લાપતા છે. ભેખડો ધસી પડવાના પરિણામ સ્વરુપે સિક્કિમ સાથેની પહાડી લાઈન સાથે સંપર્ક કપાઈ ગયો છે. નેશનલ હાઈવે નંબર ૩૧ અને ૧૦ ઉપર ભારે વરસાદના કારણે રસ્તા બંધ થઈ ગયા છે.

**અશ્લિલ ભાષાનો ઉપયોગ અયોગ્ય છે : મોદી**

## સોશિયલ મિડિયા પર ખુબ જ પોઝિટિવ રહેવાની જરૂર

નવીદિલ્હી,તા. ૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના ઓનલાઈન સમર્થકોને સોશિયલ મિડિયાનો શિસ્ત સાથે ઉપયોગ કરવા માટેની સલાહ આપી છે. મોદીએ ખાસ કરીને ટ્વિટર ઉપર અપીલ કરતા કહ્યુંછે કે, તેમના સમર્થકો રચનાત્મક અને હકારાત્મક વિચારધારા સાથે આગળ વધે તે જરૂરી છે. કારણ કે અશ્લિલ ભાષાનો ઉપયોગ આ રોમાંચક માધ્યમ માટે ખતરો બની શકે છે. ન્યુઝ ચેનલે પોતાની વેબસાઈટ ઉપર સૂત્રોને ટાંકીને કહ્યું છે કે, પોતાના ઘરમાં સોશિયલ મિડિયા ઉપર સક્રિય પોતાના ૧૦૦ સમર્થકો સાથે વાતચીત દરમિયાન કહ્યુંહતું કે, સોશિયલ મિડિયા ઉપર તેમને ગાળો અને અશ્લિલ શબ્દોનો સામનો કરવો પડ્યો છે. જો તેમના પ્રિન્ટ કાઢવામાં આવે તો મુશ્કેલી ઉભી થઈ શકે છે. મોદીએ ટિકાકારોને ગંભીરતાપૂર્વક સાંભળીને કહ્યુંછે કે, સમર્થકો યોગ્ય વર્તન કરે તે જરૂરી છે. મોદી સામાન્ય ચૂંટણી દરમિયાન લોકોનો સંપર્ક કરવા માટે સોશિયલ મિડિયાનો જોરદાર ઉપયોગ કરી ચુક્યા છે. એટલું જ નહીં સરકાર બન્યા બાદ પણ તેઓ સામાન્ય લોકોને પોતાની નીતિઓના સંદર્ભમાં માહિતી આપવા માટે આ મંચનો ઉપયોગ કરતા રહ્યા છે. મોદીએ કહ્યું હતું કે ટ્વિટર પર તેમને તમામ પ્રકારની ટિકા ટિપ્પણી અને અશ્લિલ શબ્દોનો સામનો કરવો પડી રહ્યો છે. પરંતુ હજુ સુધી તેઓએ આવા કોઈ પણ ફોલોઅર્સને બ્લોક કર્યા નથી. મોદીના ટ્વિટર ઉપર એક કરોડ ૩૦ લાખથી વધારે ફોલોઅર્સ છે. મોદીએ પોતાના સોશિયલ મિડિયા સમર્થકોને અપીલ કરી છે કે, સંયમ જાળવી રાખવામાં આવે તે જરૂરી છે. અશ્લિલ ભાષાનો ઉપયોગ થવો જોઈએ નહીં. સોશિયલ મિડિયા ઉપર પોઝિટિવ રહેવાની બાબત જરૂરી છે. મોદીએ પોતાના સોશિયલ મિડિયા સમર્થકો સાથે આ મુલાકાત ડિજિટલ ઈન્ડિયાના ઉદ્ઘાટન કાર્યક્રમથી એક કલાક પહેલા કરી હતી.

**૨૦ વર્ષ બાદ ફરી એક રૂપિયો જારી**

## રૂપિયાની નોટના પ્રિન્ટિંગ ઉપર કુલ ૧.૧૪નો ખર્ચ

નવીદિલ્હી,તા. ૨

એક રૂપિયાની નોટના પ્રિન્ટિંગના ખર્ચની વાત કરવામાં આવે તો આ ખર્ચનો આંકડો તેના મૂલ્ય કરતા વધારે છે. એટલે કે એક રૂપિયાની નોટના પ્રિન્ટિંગ પર ૧.૧૪નો ખર્ચ થાય છે. ૨૦ વર્ષના લાંબાગાળા બાદ એક રૂપિયાની હાલમાં ફરી જારી કરવામાં આવી હતી. કેન્દ્ર સરકાર હેઠળ સિક્યુરિટી પ્રિન્ટિંગ એન્ડ મિન્ટિંગ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ આરટીઆઈ અરજીના જવાબમાં કહ્યું છે કે, રૂપિયાનો ખર્ચ ૧.૧૪ રહ્યો છે. એક રૂપિયાની નોટનો ખર્ચ ૧.૧૪ રૂપિયા છે. કોસ્ટિંગ અને કોસ્ટિંગ મોડલના સિદ્ધાંતના આધાર પર આ ખર્ચની રકમ નક્કી કરવામાં આવી છે. કાર્યકર સુભાષચંદ્ર અગ્રવાલ દ્વારા કરવામાં આવેલી અરજીના જવાબમાં જાણવા મળ્યું છે કે, એક રૂપિયાની નોટના પ્રિન્ટિંગને ૧૯૯૪માં બંધ કરવાનો નિર્ણય કરાયો હતો. કારણ કે, જંગી પ્રિન્ટિંગ ખર્ચ થઈ રહ્યો હતો. છઠ્ઠી માર્ચ ૨૦૧૫ના દિવસે એક રૂપિયાની નોટ ફરી જારી કરવામાં આવી હતી. આના માટે ૧૬મી ડિસેમ્બર ૨૦૧૪ના દિવસે જાહેરનામુ જાહેર કરાયું હતું.

## બાડમેરમાં યુવતીઓ માટે મોબાઈલ પર પ્રતિબંધ મુકાયો

જેસલમેર,તા. ૨

ખાપ પંચાયત દ્વારા વધુ એક નવો આદેશ જારી કરવામાં આવ્યો છે. રાજસ્થાનના બાડમેર જિલ્લામાં ખાપ પંચાયત દ્વારા આ આદેશ જારી કરાયો છે જેના ભાગરુપે બાડમેરમાં યુવતીઓ માટે મોબાઈલ ફોનના ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. સાથે સાથે સોશિયલ મિડિયા અને મોબાઈલ ફોનના ઉપયોગથી ગામની યુવતીઓ ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. આ વિવાદાસ્પદ નિર્ણય કાનાના ગામની સમદરી પંચાયત દ્વારા લેવામાં આવ્યો છે જેમાં જણાવવામાં આવ્યું છે કે, જિન્સ પહેરવાની બાબત પણ યોગ્ય નથી. જિન્સ પહેરનાર યુવતીઓને ચેતવણી ઉચ્ચારવામાં આવી છે. લગ્ન કરતી વેળા વરને ધોતી પહેરવા માટે પમ સૂચના આપવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આજ પંચાયતે અગાઉ બાળ લગ્ન અને શરાબ ઉપર પ્રતિબંધ સહિત તેના કેટલાક ચુકાદાના કારણે પ્રશંસા મળી ચુકી છે. તમામ બાળકોને સ્કૂલ મોકલવા માટે ગામના તમામ લોકોને આ પંચાયતે આદેશ પણ કર્યો હતો. જો કે, યુવતીઓ માટે મોબાઈલ ફોન અને સોશિયલ મિડિયાના ઉપયોગ પર પ્રતિબંધ મુકી દીધો છે. આની સામે કેટલાક લોકો વાંધો ઉઠાવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ખાપ પંચાયતો દ્વારા વારંવાર નવા આદેશો ભૂતકાળમાં પણ જારી કરાયા છે.

**નરેન્દ્ર મોદી સરકારને કોંગ્રેસ ન રોકી શકે**

## રાહુલ ગ્રાઉન્ડ રિયાલીટી સાથે હાલ સંપર્કમાં નથી : ભારદ્વાજ

નવીદિલ્હી,તા. ૨

ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી હંસરાજ ભારદ્વાજે આજે પોતાની પાર્ટી કોંગ્રેસની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતુંકે, વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ અને રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજે સામે પગલા લેવામાં કેન્દ્ર સરકાર નિષ્ફળ રહે તો સંસદની કામગીરીને ખોરવી નાંખવાની કોંગ્રેસની ધમકી બિલકુલ યોગ્ય નથી. આ ધમકી આપવા બદલ કોંગ્રેસ પાર્ટીને હંસરાજ ભારદ્વાજે ઝાટકણી કાઢી હતી. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી ખુબ નબળી દેખાઈ રહી છે. વાસ્તવિકતા સાથે રાહુલ ગાંધી જોડાયેલા દેખાઈ રહ્યા નથી. આવી સ્થિતિમાં કોંગ્રેસે આ પ્રકારની ધમકી આપવી જોઈએ નહીં. ઈન્ડિયન પ્રિમિયર લીગના પૂર્વ વડા લલિત મોદીને મદદ કરવા બદલ સુષ્મા સ્વરાજ અને રાજે વિવાદના ઘેરામાં છે. ભારદ્વાજે કહ્યું હતું કે, સંસદની કામગીરી ખોરવી નાંખવાના નિર્ણયો કોંગ્રેસે લેવા જોઈએ નહીં. જ્યારે પણ કોઈ કાયદાનો ભંગ કરવામાં આવે છે ત્યારે કાયદાકીય પગલા લેવામાં આવે છે. સંસદની કામગીરીને રોકવાની બાબત સંસદીય પ્રણાલી નથી. સંસદ લોકો સાથે સંબંધિત મહત્વના મુદ્દા ઉપર ચર્ચા કરવા માટે સૌથી સર્વોચ્ચ મંચ તરીકે છે. આ ફ્લોર ઉપર મોદી-સુષ્મા સ્વરાજ અને રાજેના મુદ્દાની ચર્ચા પણ થઈ શકે છે. જો કોંગ્રેસ ઉત્સુક છે તો તેના નેતાઓ સંસદમાં ચર્ચામાં ભાગ લેવો જોઈએ અને તેમની કુશળતા દર્શાવવી જોઈએ.


કોંગ્રેસ પાર્ટીએ ભાજપની આંતરિક રાજનીતિમાં દરમિયાનગીરી કરવી જોઈએ નહીં. ભારદ્વાજે એમ પણ કહ્યું હતું કે, નરેન્દ્ર મોદી સરકારને રોકવાની કોંગ્રેસની ક્ષમતા હાલમાં દેખાતી નથી. મોદી પાછળ શક્તિશાળી કેડર પણ છે. રાહુલ ગાંધી ગ્રાઉન્ડ રિયાલીટી સાથે સંપર્ક ગુમાવી ચુક્યા છે.

**મહારાષ્ટ્રમાં ભાજપ-શિવસેના સરકારનો નિર્ણય**

## સ્કૂલ તરીકે મદરેસાઓને માન્યતા આપવા ઇનકાર

મુંબઈ,તા. ૨

ભારે ચર્ચાસ્પદ અને વિવાદ જગાવે તેવા નિર્ણયમાં ભાજપ-શિવસેના સરકારે સ્કૂલ તરીકે મદરેસાઓને માન્યતા આપવાનો ઈન્કાર કરી દીધો છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, મહારાષ્ટ્ર સરકારે એવો નિર્ણય કર્યો છે કે, મદરેસાઓને સ્કૂલ તરીકે ગણવામાં આવશે નહીં. કારણ કે આ મદરેસાઓમાં વિધિવત



શિક્ષણ આપવામાં આવતું નથી. સરકારે એવી દલીલ કરી છે કે, મદરેસાઓમાં માત્ર ધાર્મિક શિક્ષણ જ આપવામાં આવે છે. મદરેસાઓમાં સુવિધાઓ રહેલી છે પરંતુ મુસ્લિમ વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ આપવામાં આવે છે. નિયમિત સ્કૂલ કરતા મદરેસાઓની સ્થિતિ જુદા પ્રકારની છે. મદરેસાઓ વિવિધત શિક્ષણ અભ્યાસક્રમને આગળ વધારતા નથી. સીબીએસઈ જેવા શૈક્ષણિક બોર્ડ સાથે પણ મદરેસાઓના કોઈ સંબંધ નથી. મદરેસાઓ હાલમાં જ બાળકોને વિજ્ઞાન, ગણિત અને સામાજિક વિજ્ઞાન જેવા વિષયો ભણાવવા રાજ્ય સરકાર દ્વારા આપવામાં આદેશના પાળવામાં નિષ્ફળ રહેતા સરકારે કઠોર નિર્ણય કર્યો છે. મહારાષ્ટ્ર સરકારના નિર્ણય મુજબ જો મદરેસાઓમાં વિધિવત સ્કૂલ અભ્યાસક્રમ ભણાવવામાં આવશે તો જ મદરેસાઓને ફંડ આપવામાં આવશે. કેન્દ્રીય બજેટ ૨૦૧૪-૧૫માં નરેન્દ્ર મોદી સરકારે મદરેસાઓના આધુનીકીરણ માટે ૧૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી હતી પરંતુ મહારાષ્ટ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા નિર્ણય બાદ આને લઈને રૂઢિવાદી લોકો મેદાનમાં આવે અને વિરોધ કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. મહારાષ્ટ્ર સરકારના આ નિર્ણય સામે હોબાળો મચે તેમ પણ માનવામાં આવે છે.

## છોટા રાજનને પતાવી દેવા માટેનો દાઉદનો ફાઈનલ પ્લાન નિષ્ફળ

નવી દિલ્હી,તા. ૨

અંડરવર્લ્ડ ડોન અને મુંબિ સિરિયલ બોમ્બ બ્લાસ્ટમાં મુખ્ય માસ્ટરમાઈન્ડ દાઉદ ઈબ્રાહીમ અને તેના નજીકના સાગરીત છોટા શકીલની તેના હરિફ છોટા રાજનને પતાવી દેવાની વધુ એક યોજના ફ્લોપ સાબિત થઈ છે. છોટા રાજનને મોતને ઘાટ ઉતારી દેવાની યોજના અગાઉ પણ તૈયાર કરવામાં આવી હતી. ભુતકાળમાં રાજનને મારી નાંખવાના પ્રયાસ કરવામાં આવી ચુક્યા છે. હિન્દુ ડોનના સ્થળ અંગે ડી ગેંગને માહિતી હતી. જો કે દાઉદની યોજના ફરી ફ્લોપ થઈ ગઈ હતી. કારણ કે પ્લાન અંગે રાજનને



માહિતી મળી ગઈ હતી. કેટલાક વર્ષો પહેલા બેંકકોકમાં રાજનને મોતને ઘાટ ઉતારી દેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. રાજન પહેલા જ સાવધાન થઈ ગયો હતો. રાજનને મારી નાંખવાની રણનિતી છોટા શકીલે તૈયાર કરી હતી. ડી કંપનીમાં એક સમય રાજન બીજા નંબર પર હતો. જો કે ત્યારબાદ બન્ને દુશ્મન બની ગયા હતા. ઈન્ટેલિજન્સ સંસ્થાઓ હમેંશા ડી ગેંગની પ્રવૃતિ પર ચાંપતી નજર રાખે છે. છોટા શકીલ તરફથી રાજનના વિશ્વાસુને ફોન કરીને રાજન ક્યાં છે તે અંગે માહિતી મેળવી લેવાના પ્રયાસ કર્યા હતા. સાથે સાથે જંગી ઈનામ આપવાની વાત પણ કરી હોવાનુ જાણવા મળ્યું છે. જો કે સફળતા મળી ન હતી. રાજન અંગે માહિતી મેળવી લેવામાં આવ્યા બાદ મિડલ ઈસ્ટમાંથી કેટલાક શાર્પ શુટરો ઓસ્ટ્રેલિયા મોકલી દેવામાં આવ્યા હતા. રાજનને કોઈ પણ કિંમતે પતાવી દેવા માટે કહેવામાં આવ્યુ હતુ. રાજનને આ અંગે માહિતી મળી ગઈ હતી જેથી તે અંડરગ્રાઉન્ડ થઈ ગયો હતો. કલાકોના ગાળામાંજ તે સ્થળ બદલી લેવામાં સફળ રહ્યો હતો. જેથી છોટા શકીલને યોજનામાં સફળતા મળી ન હતી. વર્ષ ૨૦૦૦માં રાજન બેંકકોકના બજારમાં ડી ગેંગની જાળમાં ફસાઈ ગયો હતો. તેના પર ગોળીબાર પણ કરવામાં આવ્યો હતો. જેમાં તેને કેટલીક ગોળીઓ વાગી હતી. પરંતુ તે સહેજમાં બચી ગયો હતો. પ્રાપ્ત માહિતી મુજબ હિન્દુ ડોન જ્યાં છુપાયેલો છે તે અંગે માહિતી પણ હાથ લાગી ગઈ હતી પરંતુ છેલ્લી ઘડીએ દાઉદની યોજના નિષ્ફળ પુરવાર થઈ હતી. એક અગ્રણી અંગ્રેજી અખબારના હાથે કેટલીક માહિતી આવી છે. જેનાથી જાણવા મળે છે કે, છોટા શકીલે કઈ રીતે રાજનને મોતને ઘાટ ઉતારી દઈને દાઉદના સ્વપ્નને પૂર્ણ કરવા માટેની યોજના બનાવી હતી પરંતુ રાજન અન્ડરગ્રાઉન્ડ થઈ ગયો હતો અને યોજના નિષ્ફળ ગઈ હતી. રાજન ઉપર ભૂતકાળમાં પણ કેટલાક હુમલા કરવામાં આવી ચુક્યા છે પરંતુ તે સફળ રહ્યો નથી. ૨૦૦૦માં તે ચારેબાજુથી ઘેરાઈ ગયો હતો છતાં બચી ગયો હતો. હવે તે મજબૂત સુરક્ષા હેઠળ રહે છે. એપ્રિલ મહિનામાં ડી કંપની તેના એક વિશ્વાસુ વ્યક્તિને ખરીદી લેવામાં સફળ રહી હતી.